# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૨ તા.૨૮-૧૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-વિદ્યાર્થીઓને લઈ જતા ગેસ આધારિત વાહન ચાલકો વિરૂદ્ધની કાર્યવાહી માટે સહકાર આપવા બાબત.
સંદર્ભ :-પત્રક્રમાંક જી/૭૨૫/ડીસીપી/ટ્રાફીક-પૂર્વ/૨૮૧૧/૧૫ તા.૨૨-૧૨-૧૫નો નાયબ પોલીસ કમિશનરશ્રીનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અમદાવાદ શહેરમાં સ્કૂલોમાં જતા આવતા વિદ્યાર્થીઓને લાવવા લઈ જવા માટે મારૂતી વાન, ઓટો રીક્ષા, સ્કૂલ વાનનો ઉપયોગ કરવામાં આવે છે. હાલમાં શિયાળાની ઋતુ ચાલતી હોઈ મારૂતીવાન, ઓટોરીક્ષા જેવા વાહનો જે સી.એન.જી. તથા પી.એન.જી. ગેસ આધારિત હોય છે અને જેના કારણે કયારેક આવા વાહનોમાં વિદ્યાર્થીઓ બેઠા હોય અને ગેસ લીકેજ થવાની અને જેના કારણે સ્કૂલ વાનમાં આગ લાગવાની શક્યતા રહેલી છે. જેનાથી વિદ્યાર્થીઓની જાનહાની થવાની શક્યતા રહેલી છે. જેથી અમદાવાદ શહેરમાં આવેલ તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને લાવવા લઈ જતા સ્કૂલના વાહનો તેમજ પ્રાયવેટ વાહનો જે ગેસ આધારીત છે તેના પરમીટો ચેક કરાવવા માટેની કાર્યવાહી ટ્રાફીક પોલીસ દ્વારા થાય છે. તો ટ્રાફીક પોલીસ સાથે સંકલનમાં રહી આ કાર્યવાહીમાં મદદરૂપ થવા જણાવવામાં આવે છે.

તા.૨૮-૧૨-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી